

ભાઈ ! જેને હજી તો વિષયસુખમાં રુચિ છે, આબરૂમાં રુચિ છે, શરીરની સુંદરતામાં રુચિ છે, જેને પાપના પરિણામમાં મીઠાશ છે અને પુણ્યના પરિણામમાં રુચિથી રોળાઈ ગયો છે તેને ભગવાનથી આત્માની રુચિ કેમ થાય ? આહાહાહા !

*—વૈરાગ્યપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

કહાન સં. ૨૧ સં. ૨૦૫૭ [૬૮૭] * આત્મધર્મ * [અંક-૭ વર્ષ-૫૭] વીર સં. ૨૫૨૭ જાન્યુઆરી-૨૦૦૧

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જેમ રૂપી દર્પણની સ્વ-પરના આકારનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા જ છે અને ઉષ્ણતા તથા જ્વાળા અગ્નિની છે, તેવી રીતે અરૂપી આત્માની તો પોતાને ને પરને જાણનારી જ્ઞાતૃતા (જ્ઞાતાપણું) જ છે અને કર્મ તથા નોકર્મ પુદ્‌ગલનાં છે એમ પોતાથી જ અથવા પરના ઉપદેશથી જેનું મૂળ ભેદવિજ્ઞાન છે એવી અનુભૂતિ ઉત્પન્ન થશે ત્યારે જ (આત્મા) પ્રતિબુદ્ધ થશે. ૬૬૬.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, ગાથા–૧૯)*

❀ પરદ્રવ્યને અને આત્મતત્ત્વને સઘળોય (અર્થાત્ કાંઈ પણ) સંબંધ નથી; એમ કર્તાકર્મપણાના સંબંધનો અભાવ હોતાં, આત્માને પરદ્રવ્યનું કર્તાપણું ક્યાંથી હોય ? ૬૬૭. *(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ–૨૦૦)*

❀ હિતકારી ધ્રુવ આત્માકી ગુફામેં પ્રવેશ હોના સો હી શુદ્ધ ધ્રુવ ઈન્દ્રિયાતીત આત્મામેં રમણ હૈ. ધ્રુવરૂપસે આત્માકી ગુફામેં ગુપ્ત હોના વહી ભવસાગરસે તારનેવાલા હૈ, વહી હર સમય શુદ્ધ ભાવમેં રમણ હૈ. જબ ધ્રુવ આત્માકા અનુભવ હોતા હૈ તબ પાંચો ઈન્દ્રિય ઔર મનકે વિચાર ભાગ જાતે હૈં તબ શુદ્ધ આત્મામેં સમતાકા નિવાસ હો જાતા હૈ. ધ્રુવ આત્મિક જહાજ જબ પ્રગટ હોતા હૈ તબ શુદ્ધ કમલ સમાન આત્મામેં ઠહરકર સમભાવ જગતા હૈ, વહી મોક્ષકા સાધન હૈ. ૬૬૮. *(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ–૨, પાનું–૧૫૩)*

❀ જ્ઞાની વિચારે છે કે : નિશ્ચયથી હું એક છું, શુદ્ધ છું, મમતારહિત છું, જ્ઞાન-દર્શનથી પૂર્ણ છું; તે સ્વભાવમાં રહેતો, તેમાં (–તે ચૈતન્યઅનુભવમાં) લીન થતો (હું) આ ક્રોધાદિક સર્વ આસ્રવોને ક્ષય પમાડું છું. ૬૬૯.

*(શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા–૭૩)*

❀ જેમ કોઈ રાજાને બીજાનો ગઢ લેવો મુશ્કેલ છે, તેમ આ આત્માને પરપદ લેવું મુશ્કેલ છે. કારણ કે અનાદિકાળથી પરપદ લેતો ફરે છે તોપણ તે પરરૂપ ન થયો, ચેતન જ રહ્યો. અને ચેતનાપદ આત્માનું છે તેને જાણતો પણ નથી, ભૂલ્યો જ ફરે છે, તોપણ તેની રહેણી નિશ્ચયથી તેનામાં જ છે, માટે તે મુશ્કેલ નથી, પોતાનું જ સ્વરૂપ છે. ભ્રમનો પડદો પોતે જ અનાદિનો કર્યો છે. તેથી પોતે પોતાને ભાસતો નથી, પણ પોતે પોતાને તજી બહાર ગયો નથી. ૬૭૦.

*(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું–૪૪)*

કહાન
સંવત-૨૧
વર્ષ-૫૭
અંક-૭
[૬૮૭]




વીર
સંવત
૨૫૨૭
સં. ૨૦૫૭
JAN.
A.D. 2001

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# સમભાવ તે સાક્ષાત્ મોક્ષમાર્ગ છે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૧૦૨)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે તેમાં બીજાં ભાગની ૪૮મી ગાથા છે. તેમાં યોગીન્દ્રદેવ સમભાવની વ્યાખ્યા કરે છે.

જેને આત્માનું ભાન તો થયું છે, 'હું શુદ્ધ ચૈતન્ય છું' એવી સમ્યક્ પ્રતીતિ અને સ્વસંવેદન જ્ઞાન થયું છે, તે ઉપરાંત વિષમભાવરૂપ વિકલ્પોનો અભાવ કરીને સમભાવને જાણે છે અને વેદે છે તેની દશાનું સ્વરૂપ અહીં બતાવે છે કે જ્ઞાનીજન સમભાવનું સ્વરૂપ જાણતાં થકાં ન કોઈ પાસે ભણે છે, ન કોઈને ભણાવે છે, કોઈને કાંઈ પ્રેરણા પણ કરતાં નથી અને કોઈની નિંદા પણ કરતાં નથી.

**भणइ भणावइ णवि थुणइ णिंदइ णाणि ण कोइ ।**
**सिद्धिहिं कारणु भाउ समु जाणंतउ पर सोइ ॥४८॥**

અર્થ :–નિર્વિકલ્પધ્યાની પુરુષ ન કોઈના શિષ્ય થઈને ભણે છે અને ન ગુરુ થઈને કોઈને ભણાવે છે, ન કોઈની સ્તુતિ કરે છે અને ન કોઈની નિંદા કરે છે. મોક્ષનું કારણ એક સમભાવને જ નિશ્ચયથી જાણતાં થકાં કેવળ એક આત્મસ્વરૂપમાં અચલ થઈ રહ્યાં છે, અન્ય કાંઈ પણ શુભ કે અશુભકાર્ય કરતાં નથી.

નીચલીદશામાં બીજાં પાસેથી ભણવાનો અને શિષ્યોને ભણાવવાનો રાગ હોય છે પણ જેટલો રાગ છે એટલી વિષમતા છે. એ વિષમતા હોવા છતાં સમ્યગ્જ્ઞાની તેનો માત્ર જાણનાર છે, કરનાર નથી. જેમ કેવળજ્ઞાની ભગવાન લોકાલોકને જાણે છે પણ લોકાલોકને કરતાં નથી તેમ, જ્ઞાનીને રાગાદિ વિકલ્પરૂપ વ્યવહાર હોય છે અને સંયોગમાં

દેહાદિની ક્રિયા પણ હોય છે પણ જ્ઞાની તેના જાણનાર છે, કરનાર નથી.

વળી, જ્ઞાનીને એવો રાગરૂપ વ્યવહાર છે માટે જ્ઞાનસ્વરૂપની દૃષ્ટિ અને સ્થિરતા છે—એમ નથી. જેમ લોકાલોક છે તો કેવળજ્ઞાન છે—એમ નથી તેમ રાગ છે માટે જ્ઞાન છે—એમ નથી.

વળી, જેમ લોકાલોક પહેલો અને કેવળજ્ઞાન પછી—એમ નથી. તેમ નીચલીદશામાં વ્યવહાર વિકલ્પ પહેલો અને નિશ્ચય પછી—એમ નથી. નીચલીદશામાં ભિન્ન ભિન્ન પ્રકારના રાગ થાય છે તેનો જ્ઞાની કર્તા નથી. જ્ઞાની તો સ્વના જ્ઞાનપૂર્વક જ્યારે જે જે પ્રકારની રાગની અવસ્થા છે તેને જાણે છે. કેવળીભગવાન એકસાથે ક્રમ વગર લોકાલોકને જાણે છે અને જ્ઞાની ક્રમપૂર્વક રાગરૂપ વ્યવહારને જાણે છે એટલો ફેર છે, બીજો કોઈ ફેર નથી. તેથી એક ન્યાયે, વસ્તુસ્વરૂપનું જ્ઞાન થતાં આત્મા સર્વજ્ઞ સમાન છે માટે, વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી—એમ ન હોઈ શકે અને વ્યવહાર છે તો નિશ્ચય છે એમ પણ ન હોઈ શકે. કેવળીની જેમ જ જ્ઞાની વ્યવહારના માત્ર જાણનાર છે.

(૧) સર્વજ્ઞપ્રભુ છે માટે લોકાલોક છે—એમ નથી અને લોકાલોક છે માટે સર્વજ્ઞ છે—એમ નથી. તેમ જ્ઞાન છે માટે રાગ છે અને રાગ છે માટે જ્ઞાન છે—એમ નથી.

(૨) સર્વજ્ઞ લોકાલોકના કર્તા કે રચનાર નથી તેમ સમ્યગ્દૃષ્ટિ રાગના કરનારા કે રચનાર નથી.

(૩) લોકાલોકથી જ્ઞાન નિરપેક્ષ છે તેમ, વિકલ્પથી પણ જ્ઞાન નિરપેક્ષ છે.

આમ, આ ન્યાયે જેમ, કેવળજ્ઞાનીને લોકાલોકની અપેક્ષા વિનાનું જ્ઞાન વર્તે છે તેમ, સમ્યગ્જ્ઞાનીને વ્યવહારની અપેક્ષા વિનાનું જ્ઞાન વર્તે છે એટલે કે વ્યવહાર છે માટે સમ્યક્ જ્ઞાન છે—એમ નથી, તેમ જ વ્યવહાર પહેલાં અને જ્ઞાન પછી—એમ નથી. જેમ સર્વજ્ઞને છે એમ જ જ્ઞાનીને છે. ફેર એટલો છે કે જ્ઞાનીને હજુ વિષમભાવ છે જ્યારે કેવળી ભગવાનને વિષમભાવ બિલકુલ નથી, એકલો વીતરાગભાવ છે. તેથી કેવળી પોતાને વીતરાગ જાણે છે અને જ્ઞાની, જેટલો વિષમભાવ ઊભો થાય છે તેટલો વિષમભાવ મારી દશામાં હોય એમ જાણે છે.

આમાં તો પાંચેય બોલ નક્કી થઈ જાય છે. નિમિત્ત–ઉપાદાન, નિશ્ચય–વ્યવહાર અને ક્રમબદ્ધ આ પાંચેય ભાવ સિદ્ધ થાય છે.

શુદ્ધસ્વરૂપ પ્રાપ્ત સર્વજ્ઞ સર્વને વ્યવસ્થિત જેમ છે તેમ જાણે છે. વસ્તુસ્વરૂપને

જેમ છે તેમ જાણવા માટે જ્ઞાનને વસ્તુની અપેક્ષા નથી. તેમ જ જ્ઞાન વ્યવસ્થિત જાણે છે માટે ત્યાં વ્યવસ્થિત થાય છે એમ નથી. જ્ઞાન જ્ઞાનના કારણે છે અને વસ્તુની વ્યવસ્થા વસ્તુના કારણે છે. કોઈ કોઈને આશ્રિત નથી.

એ જ રીતે, જ્ઞાનીનું જ્ઞાન દેહની અવસ્થાને અને તે–તે કાળની રાગની અવસ્થાને જાણે છે પણ કરતું નથી. જે જે પ્રકારે દેહની અને રાગાદિની અવસ્થા થાય છે તે તે પ્રકારે જ્ઞાન વ્યવસ્થિત તેને જાણે છે. જ્ઞાન પણ એવું વ્યવસ્થિત છે.

તેથી જેમ, કેવળીને લોકાલોકમાં કાંઈ રચવું કે ફેરવવું નથી તેમ, જ્ઞાનીને રાગાદિનું કરવું કે ફેરવવું નથી. નિશ્ચયથી જ્ઞાનીને તેનો ભોગવટો પણ નથી.

આ સિવાય કોઈ રીતે વસ્તુ સિદ્ધ થતી નથી. લાખ વાદ–વિવાદ કરે પણ વસ્તુસ્વરૂપ આ પ્રમાણે જ છે એમ સમ્યગ્જ્ઞાનીના જ્ઞાનમાં વ્યવસ્થિત જણાય છે. કેવળી વીતરાગની ભૂમિકામાં રહીને બધું જાણે છે અને જ્ઞાની વિષમભાવની ભૂમિકામાં રહીને પણ જેમ છે તેમ જ જાણે છે. કેવળીને વિષમભાવ નથી પણ સમ્યગ્જ્ઞાનીને વિષમભાવ છે એટલો જ ફેર છે. બાકી, વિષમભાવના જ્ઞાની કર્તા નથી, વિષમભાવ છે તો સમ્યગ્દર્શન–જ્ઞાન છે—એમ નથી અને વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી છે એવો ક્રમ નથી. એ જ રીતે વિષમભાવને અન્ય નિમિત્તની અપેક્ષા નથી અને વિષમભાવ છે માટે નિમિત્ત છે–એમ નથી. વિષમભાવ છે માટે તેનું જ્ઞાન છે–એમ નથી.

કાલે રાત્રિચર્ચામાં આ વાત બહુ નીકળી હતી. અત્યારે બધું ક્યાંથી આવે ! અહાહા ! વસ્તુ તે વસ્તુ છે ! કેવળી અને મુનિમાં ફક્ત એટલો જ ફેર છે કે કેવળીને બિલકુલ વિષમતા નથી અને મુનિને અબુદ્ધિપૂર્વક વિષમતા છે તેને ન ગણીને સમભાવી મુનિ સમભાવ જાણે છે એમ કહેવામાં આવ્યું છે. જ્ઞાનસ્વરૂપી પ્રભુનું જ્ઞાન થતાં રાગનાં કર્તા જ્ઞાની કે મુનિ થતાં જ નથી. સર્વજ્ઞ જેમ લોકાલોકના કર્તા નથી તેમ જ્ઞાની રાગના કર્તા નથી. જેમ, સર્વજ્ઞને લોકાલોક જ્ઞાનમાં નિમિત્ત છે તેમ જ્ઞાનીને જ્ઞાનમાં રાગ નિમિત્ત છે. નિમિત્ત છે માટે તેનો અર્થ એવો નથી કે તે જ્ઞાનનો કર્તા છે.

લોકાલોક જ્ઞાનનો કર્તા નથી તેમ જ જ્ઞાન લોકાલોકનું કર્તા નથી. એ રીતે સમ્યગ્જ્ઞાનમાં રાગનો કર્તા જ્ઞાન નથી અને જ્ઞાનનો કર્તા રાગ નથી. રાગ પહેલો અને જ્ઞાન પછી–એમ નથી. જ્ઞાનમાં રાગને રચવાનો સ્વભાવ જ નથી. જ્ઞાનને રાગનો કર્તા ઠરાવશો તો કોઈ રીતે વસ્તુ સાબિત નહિ થાય.

વાદ-વિવાદ ચાલે છે ને ! કે વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી થાય. બાપુ !

તમે નિશ્ચય-વ્યવહાર કોને કહો છો? શું પહેલો લોકાલોક અને પછી સર્વજ્ઞ એમ છે?-એમ નથી. બંને સાથે જ છે તેમ, નિશ્ચય-વ્યવહારમાં ક્રમ નથી. સર્વજ્ઞ જેમ લોકાલોકના જાણનાર છે પણ કરનાર કે લોકાલોકના સુખ-દુઃખના ભોગવનાર નથી તેમ, સમ્યગ્જ્ઞાની વ્યવહારરૂપ વિષમતાના કર્તા કે ભોક્તા નથી. આમ જ વસ્તુનું સ્વરૂપ છે. આમ ન હોય તો કોઈ રીતે જ્ઞાનમાં ન્યાયથી વસ્તુની સાબિતી થતી નથી. અહો! 'રચના જિનઉપદેશની, સર્વોત્કૃષ્ટ તીનકાલ' સર્વજ્ઞની કથની અને તેની રીત ન ભૂતો ન ભવિષ્યતિ. વીતરાગની વાણી અને વીતરાગનો ભાવ આવો છે. આ વીતરાગમાં અને મુનિમાં આટલે જ ફેર છે કે વીતરાગ ભગવાન પૂર્ણ જ્ઞાની છે અને મુનિ અલ્પ જ્ઞાની છે, વીતરાગ રાગની વિષમતા રહિત છે અને મુનિ અલ્પ રાગથી સહિત છે. બાકી બન્નેની જાતમાં કાંઈ ફેર નથી.

જ્યારે જ્ઞાન સ્વરૂપમાં ઠરી જાય છે ત્યારે તે જ્ઞાની કોઈ પાસે ભણતાં નથી કે ભણાવતાં નથી એમ કહ્યું તેનો અર્થ એ નીકળે છે કે પહેલાં ભણતાં હતા. સમ્યગ્જ્ઞાનની ભૂમિકામાં પણ એટલો વિકલ્પ હતો-વિષમતા હતી પણ અહીં સમભાવ થયો-ચારિત્રની ઉગ્રતા થઈ એટલે એવી વિષમતા છૂટી ગઈ અને પોતે મુક્તિનું સાક્ષાત્ કારણ થાય છે.

જેટલો વિકલ્પ છે તે ચારિત્રનો દોષ છે, શ્રદ્ધા-જ્ઞાનનો દોષ નથી. તે દોષને જ્ઞાની જાણે છે પણ દોષને રચતો નથી અને રચવાનો કામી પણ નથી. તેથી જે ક્રમમાં રાગ અને જ્ઞાન થાય છે તેને જાણે છે. અહીં તો એ કહ્યું કે સમભાવને જ્ઞાની જાણે છે.

ચારિત્રમાં સ્થિરતા ન હતી ત્યારે ભગવાનની સ્તુતિનો વિકલ્પ પણ આવતો હતો. પણ તે ભાવ સમભાવ નથી-એ પણ વિષમભાવ છે. તે છે ત્યાં સુધી સમભાવ નથી અને સમભાવ વિના મુક્તિની પ્રાપ્તિ થતી નથી. જ્ઞાનીને જ્યાં સુધી વિષમભાવ છે ત્યાં સુધી તેને જાણે છે અને સમભાવ થતાં સમભાવને જાણે છે અને સર્વજ્ઞ થાય ત્યારે સર્વજ્ઞ પોતાની પૂર્ણદશાને જાણે છે. પરને જાણવું એ તો વ્યવહાર છે તેમ રાગને જાણવો એ પણ વ્યવહાર છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન મોક્ષનું કારણ છે તેમ જ ચારિત્રનું કારણ પણ એ જ છે. મોક્ષનું સીધું કારણ ચારિત્ર છે અને ચારિત્રનું કારણ સમ્યક્ દર્શન અને જ્ઞાન છે. અહા! દિગંબર સંતોએ વસ્તુસ્થિતિ બતાવીને ગજબ કામ કર્યાં છે.

ચૈતન્યસ્વભાવી પ્રભુ ચૈતન્યરસનો સાગર છે તેના ભાનમાં આવ્યો તેને રાગાદિ

તો બાકી છે તો ભલે હો પણ તે ઉપાદેય નથી. તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. જેમ જેમ સાધકદશા વધતી જાય તેમ તેમ રાગ ઘટતો જાય છે અને પૂર્ણતા થતાં રાગ ટળી જાય છે. અધૂરીદશા છે ત્યાં સુધી તે તે કાળે વર્તતો રાગ જાણેલો પ્રયોજનવાન છે એમ શાસ્ત્રમાં કહ્યું છે. રાગ છે માટે અંતરમાં સ્થિરતા અને અંતરદૃષ્ટિ છે—એમ નથી.

કેવળજ્ઞાનને લોકાલોકની જરૂર નથી. લોકાલોક તો સ્વયં છે તેમ સાધકને રાગની જરૂર નથી પણ અધૂરીદશા છે ત્યાં સુધી રાગ હોય છે. રાગ છે માટે શ્રદ્ધા-જ્ઞાન છે—એમ નથી અને શ્રદ્ધા-જ્ઞાન છે માટે રાગ છે—એમ નથી.

આ તો ભગવાન આત્માના સ્વભાવના ઘરની વાત છે. તેમાં કાંઈ પણ ફેરફાર કરવા જાય તો તેનું ઘર નહિ રહે, રાગના ભાગને પહેલાં માનીને તેના ઉપર વજન આપશે તો આત્મા નહિ રહે. જ્ઞાનને રાગનો રચનાર બનાવશે તોપણ આત્મા નહિ રહે. રાગ છે માટે નિશ્ચય રહ્યો છે એમ માનશે તો નિશ્ચય નહિ રહે. નહિ રહે એટલે કે રાગના આધારે જ્ઞાન હોય જ નહિ. વ્યવહારના આધારે નિશ્ચય હોય જ નહિ. રાગનો પ્રવાહ ઊઠે છે તે સ્વતત્ત્વનું સ્વરૂપ નથી.

વસ્તુના સ્વભાવમાં વિકલ્પ નથી માટે, વિકલ્પ તો નવો ઊભો થયેલો છે તે આત્માની જાતનો નથી માટે સ્વતત્ત્વ નથી. જેમ સર્વજ્ઞ તે લોકાલોક નથી અને લોકાલોક તે સર્વજ્ઞ નથી તેમ, જ્ઞાનસ્વરૂપી તત્ત્વ છે તે આસ્રવતત્ત્વ નથી અને આસ્રવતત્ત્વ છે તે જ્ઞાનસ્વરૂપી જીવતત્ત્વ નથી.

અરે ! એને પોતાના માહાત્મ્યની ખબર નથી અને વાદ-વિવાદે ચડે છે પણ આ વસ્તુ વાદ-વિવાદની નથી. તેથી તો બનારસીદાસજી કહે છે કે—

**સદ્‌ગુરુ કહે સહજકા ધંધા, વાદ-વિવાદ કરે સો અંધા...**

ભાઈ ! તારાં ચૈતન્યના તેજના માહાત્મ્ય પ્રગટ થયાં, જાણનાર જાગ્યો તેને બધું જાણવા માટે જ છે, કરવા માટે કાંઈ નથી. જ્ઞાનની એકાગ્રતા કરવી એ પણ માત્ર કહેવાય છે, એકાગ્રતા તો થાય છે. આત્મા કર્તા અને આ ક્રિયા એવા ભેદ વસ્તુમાં નથી.

ચૈતન્યતત્ત્વમાં આસ્રવતત્ત્વનો અભાવ છે અને આસ્રવતત્ત્વમાં ચૈતન્યનો અભાવ છે. અભાવ ન હોય તો બે તત્ત્વ શી રીતે સિદ્ધ થાય ! આસ્રવમાં ચેતના નથી તેથી તો તેને અચેતન કહ્યાં છે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિના વિકલ્પ ઊઠે છે તે

અચેતન છે. ચૈતન્યની જાગૃતિમાંથી ઉત્પન્ન થયેલાં નથી. ચૈતન્યની અજાગૃતિમાંથી ઉત્પન્ન થયેલાં ભાવો અચેતન છે માટે તેનો કર્તા ચૈતન્ય ન હોય. માટે તેને પુદ્ગલના પર્યાય પણ કહી શકાય છે. જ્ઞાન અને આનંદના અનંત તેજમાંથી રાગના અંધારા કેમ પ્રગટે ! અચેતન થઈને સૂતો છે ત્યાં અંધારા હોય, જ્યાં એકલો જ્ઞાનનો સમુદ્ર ઉછળતો હોય ત્યાં રાગના અંધારા ક્યાંથી ઉત્પન્ન થાય ?

એને ખબર નથી કે હું કોણ છું અને કેવડો છું ? આત્મા સર્વજ્ઞસ્વભાવી પૂર્ણાનંદપ્રભુ છે. એકલી શાંતસ્વરૂપ સમભાવી આત્મશીલા છે, વીતરાગી આત્મશીલામાં વિકલ્પ તો વિષમભાવ છે તેનો જ્ઞાની જાણનાર છે.

નીચલીદશામાં જ્ઞાનીને પણ બીજાને ભણાવવાના અને ભણવાના વિકલ્પો ઊઠતાં હોય છે પણ તે વિકલ્પના કર્તા નહિ થતાં જ્ઞાની જાણનાર રહે છે. આગળ વધતાં વિકલ્પો ઘટી જાય છે અને સમભાવ પ્રગટ થાય છે તો તેને પણ જ્ઞાની–મુનિ જાણે છે. આવું ચૈતન્યનું પદ છે તેને ભૂલીને અજ્ઞાની લોકો પરપદ લેવા માટે ગોથાં ખાય છે. અમલદાર થાઉં, અધિકારી થાઉં, શેઠિયો થાઉં, રાજા થાઉં એમ કરતો કરતો મોતને વરે છે.

સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકર ત્રિલોકનાથ પરમદેવ કહે છે કે ભાઈ ! જો નિજપદની દૃષ્ટિ કરી છે, નિજશાન્તિને અનુભવી છે તો હવે રાગનો વિષમભાવ છોડીને સમભાવમાં ઠર ! દુનિયા આ તત્ત્વ નહિ ભણે તો શું થશે ! એવો વિકલ્પ ઉઠાવવાનું તારે શું કામ છે ?

જ્ઞાન તો ભણનારને પોતાથી થાય છે એમ જ્ઞાની જાણતાં હોવા છતાં ભણાવવાનો વિકલ્પ ઊઠે છે તેને પણ છોડી દે એમ ભગવાન જ્ઞાનીને ફરમાવે છે. જીવોને જ્ઞાનની યોગ્યતા હોય ત્યારે ગુરુ ને વાણીનો યોગ હોય છે પણ ગુરુને લઈને શિષ્યોને લાભ થાય છે–એમ નથી. બીજાને ભણાવવાનો વિકલ્પ ઊઠે છે તે પણ ઉન્માદ છે. અસ્થિરતાનો ઉન્માદ છે. તેનાથી લાભ માને તો એ મિથ્યાત્વનો ઉન્માદ છે. તું તો ચૈતન્ય ચક્રવર્તીની વજ્રની દીવાલમાં ઊભો રહે ભાઈ ! બહાર ભીખ માંગવા શું કામ જાય છે ?

જ્ઞાનીજન સમભાવનું સ્વરૂપ જાણતાં થકાં...કેવળ આત્મસ્વરૂપમાં અચલ થઈ રહ્યાં છે, અન્ય કાંઈ પણ શુભ–અશુભ કાર્ય કરતાં નથી. પહેલાં પણ આત્મા એ કાર્ય કરતો ન હતો પણ ઊભા થતાં હતાં એ પણ હવે ન રહ્યા એમ કહે છે.

જીવોને આ સમજણના ઘર મોંઘા પડે એટલે વાદ–વિવાદમાં ચડી જાય છે પણ

આમાં વાદ–વિવાદની વાત જ નથી. અંતરઘરની વાતમાં પરઘરનું શરણ શું કામ આવે !

ભાવાર્થ :–પરમ ઉપેક્ષા સંયમ અર્થાત્ ત્રણગુપ્તિમાં સ્થિત પરમસમાધિમાં આરૂઢ જે પરમસંયમ–તેની ભાવનારૂપ નિર્મલ યથાર્થ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર તે જ જેનું લક્ષણ છે એવા મોક્ષનું કારણ જે સમયસાર–તેને જાણતાં થકાં, અનુભવતાં થકાં અનુભવી પુરુષ ન કોઈ પ્રાણીને શીખડાવે છે કે ન શીખે છે, ન કોઈની નિંદા કરે છે અને ન સ્તુતિ કરે છે. તેને શત્રુ-મિત્ર સુખ-દુઃખ બધું એક સમાન છે.

પરમ ઉપેક્ષા એટલે જેમાં કોઈ પરની કાંઈ અપેક્ષા જ નથી. એવા સંયમમાં શાંત....શાંત....શાંત થયેલા મુનિને કાંઈ વિકલ્પ જ ઊઠતાં નથી. ધરસેન આચાર્યને શાસન ટકાવવા માટે શાસ્ત્ર લખાવવાનો વિકલ્પ આવ્યો હતો પણ અહીં કહે છે કે તે પણ એક વિષમભાવ છે. ભૂમિકાને યોગ્ય એવો વિકલ્પ ભલે આવી ગયો પણ તે સમભાવ નથી. તે વિકલ્પથી પરને કે આત્માને કાંઈ લાભ નથી.

ખરેખર શુભરાગનો કર્તા આત્મા નથી તેમ શુભરાગના ત્યાગનો કર્તા પણ આત્મા નથી. કેમ કે જો રાગનો ત્યાગકર્તા આત્માને માનીએ તો આત્મસ્વભાવમાં રાગનું ગ્રહણ થયું છે એમ સિદ્ધ થઈ જાય છે. પરમાર્થે આત્મા રાગના ત્યાગનો કર્તા પણ નથી.

આત્મા એટલે કોણ ભાઈ ! આત્મા તો પરમાત્મા છે. પર્યાયે પરમાત્મા તો પછી થશે પણ વર્તમાનમાં દ્રવ્યે પરમાત્મા છે. સર્વજ્ઞ જેમ દ્રવ્ય અને પર્યાય બંનેમાં સર્વજ્ઞ છે અને સર્વને જાણે છે તેમ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પોતાને પર્યાયે સર્વજ્ઞ નહિ પણ દ્રવ્યસ્વભાવે સર્વજ્ઞ છું એમ વર્તમાનમાં જાણે છે. પોતાના દ્રવ્યને જ્ઞાની વીતરાગસ્વભાવે જુએ છે અને પર્યાયમાં જેટલી સમતા પ્રગટી છે તેને અને જેટલો રાગ બાકી રહ્યો છે તેને જાણે છે અને આગળ વધેલાં મુનિ પ્રગટ થયેલા પોતાના સમભાવને જાણે છે અને અનુભવે છે મુનિરાજ ત્રણગુપ્તિ સહિત પરમ સમાધિમાં આરૂઢ થયાં થકાં શાંતિને વેદે છે. લોગસ્સમાં સમાધિની વાત આવે છે પણ લોકોને અર્થની ક્યાં ખબર છે ! ગડિયાં બોલી જાય.

અહીં તો પરમ સમાધિ એટલે શુદ્ધ જ્ઞાનાનંદ પ્રભુ, વિકલ્પરહિત સ્વભાવનું ભાન કરી, રાગનો અભાવ કરી, સ્વરૂપમાં ઠરે તેને પરમસમાધિ શાંતિ કહેવામાં આવે છે.

સમાધિશતકમાં પૂજ્યપાદસ્વામી કહે છે–તું જ તારો ગુરુ અને તું જ તારો

શિષ્ય છો તેમ અહીં પણ એ જ વાત યોગીન્દ્રદેવ કહે છે કે તારે કોનો ગુરુ અને કોનો શિષ્ય થવું છે? પોતે પોતાને સમજાવે છે માટે પોતે જ પોતાનો ગુરુ છે અને પોતે સમજે છે માટે પોતાનો શિષ્ય પોતે છે.

સમ્યગ્દર્શન-જ્ઞાનમાં—શ્રદ્ધા-જ્ઞાનમાં જેવો સમભાવી સ્વભાવ લીધો હતો એવી સમભાવી પર્યાય પ્રગટ કરીને તેમાં ઠર્યો ત્યાં મન-વચન-કાયની ગુપ્તિ થઈ ગઈ, મન-વચન-કાયથી ખસીને સ્વરૂપમાં ઠર્યો ત્યાં વિકલ્પરહિત શાંતિ પ્રગટ થઈ તેને સમાધિ કહે છે. અન્યમતીના બાવા સમાધિ લઈને બેસે છે તે સાચી સમાધિ નથી. આ તો સર્વજ્ઞભગવાન કહે છે કે તારું સ્વરૂપ જ્ઞાનાનંદ ચૈતન્યજ્યોતિસ્વરૂપ છે તેમાં ઠર અને ભણવા-ભણાવવાના વિકલ્પ છોડી દે-તેનું નામ સમાધિ છે.

અહીં ચારિત્રની વાત કરી છે. ચારિત્ર જ સાક્ષાત્ મોક્ષનું કારણ છે. પુરુષાર્થ વડે પરમ સમાધિમાં આરૂઢ થઈને પરમ સંયમની ભાવનારૂપ એકાગ્રતા એ જ જેનું લક્ષણ છે એવું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ તેના કારણરૂપ સમયસારને જાણતો અને અનુભવતો થકો અનુભવી પુરુષ કોઈ પ્રકારના ભણવા-ભણાવવા આદિના વિકલ્પને કરતો નથી. રાગના અભાવરૂપ ભાવને જાણતો થકો કોઈ વિકલ્પ કરતો નથી.

સ્વયંભૂસ્તોત્રમાં સમંતભદ્રસ્વામી લખે છે કે ભગવાન ! આપે તો મોક્ષનો માર્ગ કહી દીધો-પછી શાસનમાં તેનું ફળ શું આવ્યું તે જોવા આપ રોકાતાં નથી. પ્રભુ ! તમે તો તમારા કેવળજ્ઞાનને જુઓ છો. તેથી ક્યારે શું થવાનું છે એ તો આપ પહેલેથી જાણો છો તેથી નવું જોવાનું કાંઈ રહેતું નથી. મોક્ષના કારણ એવા સમયસારને જાણતા અને વેદતા મુનિ પણ કોઈને કાંઈ શીખડાવવાં કે શીખવાના વિકલ્પમાં રોકાતાં નથી.

વિકલ્પવાળી છઠ્ઠી ભૂમિકા કરતાં નિર્વિકલ્પ એવી સાતમી ભૂમિકા ઊંચી છે. વ્રતના પરિણામ છે માટે છઠ્ઠા ગુણસ્થાનની ભૂમિકા ઊંચી છે-એમ નથી. વિકલ્પને છોડીને સ્વરૂપમાં ઠરવાથી ભૂમિકા ઊંચી ગણાય છે. વ્રતનો વિકલ્પ ગયો માટે કાંઈ હાનિ થતી નથી, લાભ થાય છે.

વીતરાગની વાતો જગતથી જુદી જાતની છે. બીજાને તો એમ લાગે કે વ્રતાદિ શુભપરિણામથી કેટલો લાભ થાય છે !ત્યારે અહીં કહે છે એ તો વિકલ્પ છે તેનાથી આત્માને કાંઈ લાભ નથી. તેમાં રોકાવાથી તો નુકશાન છે. તેથી મુનિરાજ વિકલ્પની પાંખ જ કાપી નાખે છે. પ્રશ્ન ઊઠે કે મુનિને વિકલ્પ ઊઠે તો ઉપદેશ આપે તેનાથી પ્રભાવના થાય ને ! ભાઈ ! વસ્તુના સ્વભાવમાં પ્રભાવના એટલે વિશેષ એકાગ્રતા થવી

તે ખરી પ્રભાવના છે. માટે, શીખવા, શીખવવાના વિકલ્પ મટી જવાથી લાભ ઓછો થતો નથી, લાભ વધે છે. શીખવા–શીખવાડવાના વિકલ્પમાં આત્માને ખોટ જતી હતી તે મટી ગઈ. વિકલ્પ છૂટતાં આત્માને સમભાવનો લાભ થયો. શીખવાના વિકલ્પમાં આત્માને લાભ નથી. વિકલ્પ મટતાં આત્મા લાભમાં આવ્યો.

વીતરાગમાર્ગમાં આવી વાત હોય. અજ્ઞાનીને આ વાતનો પત્તો ન ખાય. લોકો તો દુનિયાને તારી દેવાના ભાવમાં લાભ માને છે. વિકલ્પના ધંધામાં લાભ શું હોય ! શાક–ભાજી કે કેરી આદિના ધંધામાં શું લાભ હોય ! એક દિવસ પડ્યું રહે તો બીજે દિવસે સડી જાય એમાં તો ઉલટી ખોટ જાય. હીરા–માણેકના ધંધામાં ખરો લાભ થાય અને પડ્યાં રહે તો નુકશાન પણ ન જાય તેમ વિકલ્પમાં ઊભા રહેવામાં લાભ નથી. સમભાવમાં ટકી રહેવામાં લાભનો ધંધો છે.

આ દર્શન–જ્ઞાનપૂર્વક સમભાવની વાત ચાલે છે તેને સંયમ કહો, ચારિત્ર કહો, સમભાવ કહો, નિર્વિકલ્પતા કહો, સમાધિ કહો એ બધું એક જ છે. ભણવા–ભણાવવા આદિના વિકલ્પને પણ છોડીને સમયસારમાં ઠરે ત્યારે સમભાવનો લાભ થાય છે.

શ્રોતા :–પ્રાથમિક જીવને માટે આ વાત છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :–પ્રાથમિક જીવે જ શ્રદ્ધામાં આ વાત લેવાની છે. વિંકલ્પમાં લાભ માનશે ત્યાં સુધી ત્યાંથી ખસી નહિ શકે. કોઈની નિંદા કે પ્રશંસાનો ભાવ પણ સમભાવમાં રહેતો નથી. ખોટા માર્ગનો નિષેધ કરવાનો વિકલ્પ પણ સમભાવીને ઊઠતો નથી. સાચા માર્ગને સ્થાપવાનો અને ખોટાનો નિષેધ કરવાનો પણ જ્યાં વિકલ્પ નથી ત્યાં લાભ છે.

કાલે સત્તાસ્વરૂપમાં તો એમ આવ્યું કે ધર્મીને ખોટી વાત સાંભળતાં તલ્લાક આવ્યા વગર રહેતી નથી. હા, કોઈ જૂઠી શ્રદ્ધા–જ્ઞાનની વાત કરતું હોય તો ધર્મીને એવો વિકલ્પ આવે કે આ ખોટું છે પણ પોતાને આ વિકલ્પ ઊઠ્યો તે સારો છે એવો અભિપ્રાય નથી.

શત્રુ અને મિત્ર, સુખ અને દુઃખ બધું સમાન છે. એવી સમભાવી દશા પ્રથમ જ શ્રદ્ધા–જ્ઞાનમાં બેસવી જોઈએ કે આવી દશાને જ ચારિત્ર કહેવાય અને તે જ સાક્ષાત્ લાભનું અને મુક્તિનું કારણ છે એમ શ્રદ્ધામાં પહેલેથી આવી જવું જોઈએ.

આમ, શાંતિ અને સમભાવ સાક્ષાત્ મુક્તિનો ઉપાય છે એ વાત થઈ.

*

(ક્રમશઃ)

# જ્ઞાનીને ઈષ્ટ–અનિષ્ટમાં સમતા છે

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં–૮૧)

શ્રી સમયસાર નાટક શાસ્ત્ર છે તેનો આ નિર્જરા અધિકાર ચાલે છે. તેમાં ધર્મીને કેવી જ્ઞાનધારા હોય, શ્રદ્ધા કેવી હોય અને સમતા કેવી હોય તેની વાત ચાલે છે.

'સમ્યગ્જ્ઞાનીનો વિચાર'

जिन्हकी सुदृष्टिमें अनिष्ट इष्ट दोऊ सम,
जिन्हकौ अचार सु विचार सुभ ध्यान है ।
स्वारथकौं त्यागि जै लगे हैं परमारथकौं,
जिन्हकै बनिजमैं न नफा न ज्यान है ।।
जिन्हकी समुझिमैं सरीर ऐसौ मानियत,
धानकौसौ छीलक कृपानकौसौ म्यान है ।
पारखी पदारथके साखी भ्रम भारथके,
तेई साधु तिनहीकौ जथारथ ग्यान है ।।४६।।

અર્થ :–જેમની જ્ઞાનદૃષ્ટિમાં ઈષ્ટ–અનિષ્ટ બંને સમાન છે, જેમની પ્રવૃત્તિ અને વિચાર શુભધ્યાનનું કારણ છે, જે લૌકિક પ્રયોજન છોડીને સત્યમાર્ગમાં ચાલે છે, જેમના વચનનો વ્યવહાર કોઈને નુકશાનકારક અથવા કોઈને લાભકારક નથી, જેમની સુબુદ્ધિમાં શરીરને કમોદના ફોતરાંની જેમ અને તલવારના મ્યાનની જેમ આત્માથી જુદું ગણવામાં આવે છે, જે જીવ અજીવ પદાર્થોના પરીક્ષક છે, સંશય આદિ મિથ્યાત્વની ખેંચતાણના જે માત્ર જ્ઞાતા–દૃષ્ટા છે તે જ સાધુ છે અને તેમને જ સાચું જ્ઞાન છે.

જ્ઞાનીની દૃષ્ટિમાં બધાં પદાર્થો માત્ર જ્ઞાનના જ્ઞેય છે, કોઈ પદાર્થ ઈષ્ટ કે અનિષ્ટ નથી. અજ્ઞાનીને તો અનુકૂળતા ઈષ્ટ લાગે છે અને પ્રતિકૂળતા અનિષ્ટ લાગે છે. કેમ ?–કે મિથ્યાત્વભાવને કારણે તેને એવી ઈષ્ટ–અનિષ્ટની કલ્પના થાય છે. જ્ઞાનીને મિથ્યાત્વ નહિ હોવાથી તેને અનુકૂળતા કે પ્રતિકૂળતામાં ઈષ્ટ–અનિષ્ટની કલ્પના થતી નથી. જ્ઞાનીને ઈષ્ટ હોય તો એક પોતાનો 'ધ્રુવસ્વભાવ' અને અનિષ્ટ કોઈ હોય તો–'રાગ' છે એમ પ્રવચનસારમાં આવે છે. બાકી પરવસ્તુ તો કોઈ ઈષ્ટ–અનિષ્ટ નથી.

અશાતાના ઉદયમાં પણ જ્ઞાનીને સમતા હોય છે. આ અશાતા મને ઠીક નથી

એમ જ્ઞાની માનતા નથી. ચૈતન્ય જ્ઞાયકમૂર્તિનું ભાન વર્તે છે તેથી જ્ઞાનીની દૃષ્ટિમાં જગતના કોઈ પદાર્થ ઇષ્ટ કે અનિષ્ટ લાગતાં નથી.

जिन्हकौ अचार सुविचार.....સ્વરૂપમાં ધ્યાન કરવું એ જ્ઞાનીનો આચાર અને વિચાર છે. લૌકિક આચાર–વિચારની વાત નથી તેમ જ વ્યવહાર વિકલ્પરૂપ આચાર અને જ્ઞાનનો વિચાર એ પણ નહિ. જ્ઞાનીને સ્વરૂપ તરફની એકાગ્રતાનું ધ્યાન છે એ જ તેનો આચાર અને વિચાર છે. રાગનું વર્તન છે એ તો ભિન્ન છે.

स्वारथकौ त्यागि जे लगे हैं परमारथकौं,–સ્વાર્થ એટલે લૌકિક પ્રયોજનને જ્ઞાની પોતાનું પ્રયોજન માનતાં નથી. છોકરા–છોકરી સારાં ઠેકાણે પાર પડે, વેપાર સારો ચાલે...એવો ભાવ જ્ઞાનીને નથી.

શ્રોતા :–એવો વિકલ્પ ન આવે?

પૂજ્ય ગુરુદેવશ્રી :–વિકલ્પ આવે. પણ તે જ્ઞાનીનું આચરણ નથી–જ્ઞાની તે વિકલ્પને પોતાનાં માનતાં નથી માટે કહ્યું છે કે ધર્મી સ્વાર્થના ત્યાગી છે. ધર્મી તો પરમાર્થમાં લાગેલાં છે અહા! સમ્યગ્દર્શન એટલે શું ચીજ!! આખી નિજવસ્તુ જ્યાં પ્રતીતિમાં અને પ્રસિદ્ધમાં આવી ગઈ તેની શું વાત કરવી! એ તો લૌકિક પ્રયોજનના ત્યાગી છે અને પરમાર્થ પ્રયોજનના જ સાધક છે. વ્યવહારરત્નત્રયનો ભાવ છે તેના પણ ધર્મી ત્યાગી છે, સાધક નથી. અંતર શુદ્ધ ચૈતન્ય તરફના વલણ થતાં ધર્મના વ્યવહાર તરફના વલણ પણ છૂટી જાય છે.

जिन्हके बनिजमें न नफा है न ज्यान है। ધર્મીની વાણી પોતાને કે પરને કોઈને લાભ–નુકશાનનું કારણ નથી. ઉપદેશ કરે છે તેનાથી લાભ થાય છે–એમ નથી. ઉપદેશ ન કરે તો નુકશાન થાય–એમ નથી. ધર્મી વાણીના વ્યાપારનો પણ જાણનાર-દેખનાર છે માટે તેનાથી લાભ કે નુકશાન માનતાં નથી. અજ્ઞાની એવું માને કે જેને વાણીનો યોગ હોય એવા ધર્મીથી બધાને વધારે લાભ થાય. હજારો–લાખો જીવો ધર્મ પામે....અહીં તેની ના કહે છે. ધર્મીના ઉપદેશથી કોઈ ધર્મ પામતું નથી. જે ધર્મ પામે છે તે પોતાથી પામે છે. જ્યાન એટલે તોટો. ધર્મીની વાણીથી કોઈને નુકશાન પણ થતું નથી.

जिन्हकी समुझिमैं...म्यान है। જેમ અનાજ ઉપર ફોતરું હોય છે તે અનાજથી જુદું છે તેમ, ભગવાન આત્મા ઉપર શરીર છે તે ફોતરાંની જેમ જીવથી જુદું છે. જેમ તલવાર અને મ્યાન તદ્દન જુદાં છે તેમ જીવ અને શરીર તદ્દન જુદાં છે. શરીર સાથે આત્માને કાંઈ સંબંધ નથી. શરીરનો સદ્‌ઉપયોગ કરવો....વાણીનો સદ્‌ઉપયોગ કરવો....

એમ કહેવાય છે પણ જડનો સદ્‌ઉપયોગ શું થાય ! શરીર સારું હોય, વાણીનો યોગ હોય તો બધાંને લાભ થાય એમ કેટલાક કહે છે. આપણે બીજાને ઉપદેશ આપીએ તો કર્મની નિર્જરા થાય એમ પણ કેટલાક માને છે. ભાઈ ! એમ નિર્જરા થતી નથી. જડના ઉપયોગથી આત્માને શું લાભ થાય !

पारखी पदारथके....ધર્મી તો જડ અને ચૈતન્ય બંનેનો બરાબર 'પારખું' છે–પરીક્ષક છે. શરીર અને રાગાદિ અજીવ છે અને જ્ઞાનમૂર્તિ ભગવાન આત્મા તે જીવ છે એમ ધર્મી બંનેને બરાબર ઓળખે છે. જગતમાં અનેક પ્રકારના દર્શનો છે તેની ખેંચતાણમાં જ્ઞાની પડતાં નથી. જગતમાં આવા અભિપ્રાયો છે તેને માત્ર જાણે છે.

આમ જે, ઉપદેશથી લાભ–નુકશાન માનતો નથી, જડ અને ચૈતન્યની તથા વિકાર અને અવિકાર સ્વભાવની જેને અંતરમાં પરીક્ષા વર્તે છે, લૌકિક વ્યવહારનો ત્યાગી અને સ્વરૂપનો સાધક છે, સ્વરૂપમાં એકાગ્રતા એ જ જેનો આચાર-વિચાર છે એવા સાધુને યથાર્થ જ્ઞાન છે. આનાથી વિપરીત માનનારાને સાચું જ્ઞાન હોતું નથી.

જે એમ માને છે કે અમે બીજાંને ઉપદેશ આપીએ તેનાથી અમને અને બીજાંને બધાંને લાભ થાય–આ તેનું જ્ઞાન સાચું નથી, મિથ્યાજ્ઞાન છે. કેમ કે વાણી પોતે જીવ નથી તેનાથી જીવને લાભ શી રીતે થાય ? ભગવતી આરાધનામાં આવે છે કે 'જગતમાં વાણીની ક્યાં કમી છે ?' સારા શબ્દો જ વાપરવા. ખરાબ શબ્દો બોલવા નહિ ! એમ કહીને તારાં ભાવમાં ખરાબી આવવા ન દેવી એમ આશય છે. વ્યવહારથી કથન એમ થાય પણ વાણી કોણ બોલી શકે છે ! વાણી તો રજકણ છે તેને જીવ લેતો કે મૂકતો કે કરતો નથી.

આમ જેને વસ્તુસ્વરૂપનું યથાર્થ જ્ઞાન છે તેના જ્ઞાનને સમ્યક્ કહેવામાં આવે છે. તેનાથી વિપરીત જ્ઞાનને મિથ્યાજ્ઞાન કહેવાય છે.

હવે ૨૨મા કળશ ઉપર ૪૭મુ પદ્ય છે તેમાં જ્ઞાનની નિર્ભયતા બતાવે છે.

અહો ! ચૈતન્ય વસ્તુ જ્યાં પરથી નિરાળી ભાનમાં–અનુભવમાં આવી ત્યાં એ પુરુષ નિર્ભય થઈ ગયો. તેને મરણનો કે આલોક–પરલોક આદિ કોઈનો ભય નથી. શાશ્વત વસ્તુને ભય કેવો ! ધ્રુવ ચૈતન્યવસ્તુ જ્ઞાનમાં જ્ઞેય થઈને અનુભવમાં આવી એવા ધર્મી જીવ નિઃશંક હોવાથી નિર્ભય છે એમ અહીં કહે છે.

जंमकौसौ भ्राता दुखदाता है असाता कर्म,
ताके उदै मूरख न साहस गहतु है ।

सुरगनिवासी भूमिवासी औ पातालवासी,
सबहीकौ तन मन कंपित रहतु है ॥
उरकौ उजारौ न्यारौ देखिये सपत भैसौं,
डोलत निसंक भयौ आनंद लहतु है ।
सहज सुवीर जाकौ सासतौ सरीर ऐसौ,
ग्यानी जीव आरज आचारज कहतु है ॥४७॥

અર્થ :–આચાર્ય કહે છે કે જે અત્યંત દુઃખદાયક છે, જાણે જમનો ભાઈ છે, જેનાથી સ્વર્ગ, મધ્ય અને પાતાળ–ત્રણલોકના જીવોનાં તન–મન કાંપ્યા કરે છે, એવા અશાતાકર્મ, ઉદયમાં અજ્ઞાની જીવ નિરાશ થઈ જાય છે. પરંતુ જ્ઞાની જીવના હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ છે તે આત્મબળથી બળવાન છે, તેનું જ્ઞાનરૂપી શરીર અવિનાશી છે, તે પરમ પવિત્ર છે અને સાતભયથી રહિત નિઃશંકપણે વર્તે છે.

जमकौसौ भ्राता....શરીરમાં રોગ આવે એ તો જાણે જમનો ભાઈ હોય એવો દુઃખરૂપ લાગે છે. અજ્ઞાનીને અશાતાકર્મનો ઉદય આવે ત્યાં શરીરમાં કંપારી છૂટી જાય છે. અશાતાકર્મના ફળમાં અનેક પ્રકારે અત્યંત દુઃખના નિમિત્તો ઊભા થઈ જાય છે. માથે છરા પડે એવા પ્રસંગો બને છે જેને દેખીને અત્યંત ભય ઉત્પન્ન થઈ જાય છે. અરે ! આવા રોગ અમને ન હજો એમ થઈ જાય છે. જ્યારે જ્ઞાની જમના ભાઈ જેવા રોગ કાળે પણ નિર્ભય જ રહે છે. રોગ તો જડની દશા છે અને સંયોગો પ્રતિકૂળ હોય તે પણ મારાં આત્માથી બાહ્ય છે એમ જાણનારા ધર્મીને ભય થતો નથી તે તો નિઃશંક અને નિર્ભય રહે છે. માટે ધર્મીને કર્મોની નિર્જરા થાય છે.

सुरग निवासी....ઊર્ધ્વ, મધ્ય અને અધો ત્રણેય જગતવાસી જીવો રોગાદિ અશાતા સાંભળીને કંપી ઊઠે છે. શરીર તો કંપે છે પણ મન પણ કંપી ઊઠે છે. નિરાશ થઈ જાય છે કે આમાંથી હું કેમ બચીશ !....પણ જેના હૃદયમાં જ્ઞાનપ્રકાશ પ્રગટ થઈ ગયો છે એવા ધર્મી જીવો જ્ઞાનબળ–આત્મબળથી બળવાન છે તેથી સાત પ્રકારના ભયથી ભયભીત થતાં નથી. सपत भै એટલે સાત ભયથી ધર્મીની પરિણતિ નિરાળી રહે છે.

પ્રશ્ન થાય કે શ્રેણિક રાજા તો ક્ષાયિક સમકિતી હતાં, તીર્થંકર ગોત્રની પ્રકૃતિ બાંધતા હતાં છતાં કેમ માથું પછાડ્યું ! કેમ ઝેર ખાધું ! ભાઈ ! એ અંતરમાં નિર્ભય હતાં. આપઘાત કરવાનો વિકલ્પ આવ્યો અને ક્રિયા થઈ પણ અંતરથી ધર્મી તેના ત્યાગી છે.

જુઓ ! ધર્મીને પણ કેવો અશાતાનો ઉદય આવે છે ! પોતાના દીકરાએ જ

રાજ્ય ખાતર પિતા શ્રેણિકને જેલમાં પૂર્યા ! પિતાની હાજરીમાં તો પુત્ર રાજા ન થઈ શકે તેથી રાજા થવા માટે પિતાને જેલમાં નાખ્યાં પણ એ તો ધર્મી છે તેથી અંતરથી નિર્ભય રહે છે. જરા ભયનો વિકલ્પ આવે છે પણ અંતરમાં અસંખ્યપ્રદેશી ધ્રુવ ચૈતન્યમાં ક્યાંય ખંડ પડે એવો ભય ધર્મીને થતો નથી.

શ્રેણિક આવતી ચોવીસીમાં પ્રથમ તીર્થંકર થવાના છે પણ અત્યારે નરકનું આયુષ્ય બાંધી લીધું છે તેથી નરકમાં ગયા વગર છૂટકો નથી. કુણિક પહોંચે તે પહેલાં પોતાની મેળે જ શ્રેણિક મરી જાય છે. અહા ! રાગની રમત તો જુઓ ! નરકમાંથી નીકળતાં પહેલાં છ મહિનાથી એ તીર્થંકરની માતાની સેવા સ્વર્ગમાંથી દેવીઓ આવીને કરશે, ઈન્દ્રો જેની પૂજા કરશે તેને અત્યારે નરકમાં જવું પડે છે છતાં અંતરથી ભય નથી એમ અહીં કહેવું છે.

જ્ઞાનીને નરકનો ભય નથી, મરણનો ભય નથી, વેદનાનો ભય નથી. અહા ! બધાંથી જુદાં પડેલાં ભગવાનને તેમાં એકતાં કેમ થાય ! જે રાગથી પણ જુદો છે તો શરીરના રજકણમાં તેને એકતા કેમ હોય ! પરથી જુદાં પડેલાંને જુદા પદાર્થથી ભય કેમ થાય ! સાતેય પ્રકારના ભયથી ધર્મી ભિન્ન છે. અખંડાનંદ વજ્ર ચૈતન્યમૂર્તિ ધ્રુવને ક્યાંયથી ખોડખાંપણ આવે તેમ નથી એવો અનુભવ વર્તે છે તેને ભય ન હોઈ શકે. બાહ્યમાં એવા ભયના પ્રસંગો બને ત્યારે પણ એ તો અંતરમાં નિઃશંકપણે આનંદથી ડોલે છે.

નિઃશંક અને અભય એ બંને ભાવને એક કરીને લીધા છે. જે નિઃશંક છે તે નિર્ભય છે અને નિર્ભય છે તે નિઃશંક છે. અસ્તિથી લ્યો તો વસ્તુ નિઃશંક છે તે હાથ આવી તેથી નિઃશંક થયો છે તે જીવ પરથી નિર્ભય થઈ જાય છે એ નાસ્તિથી કથન છે.

ગામમાં પ્લેગનો રોગ આવ્યો હોય અને પોતાના કુટુંબના દશ વ્યક્તિમાંથી ૯ ને તો પ્લેગ લાગી ગયો હોય એવા સમયે ધર્મી પણ ગામ છોડીને પહેલાં બહાર નીકળી જાય. અંતરથી નિર્ભય છે છતાં વિકલ્પ તો એવો જ ઊઠે. ત્યારે અંતરના અભિપ્રાયને નહિ ઓળખનારને ધર્મીની નિર્ભરતાની વાત બેસે નહિ પણ ધર્મી તો એ ક્ષણે પણ અતીન્દ્રિય આનંદની મજા માણે છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધીની આકુળતા નાશ પામી છે એટલી નિરાકુળ આનંદદશા તો સમકિતીને પ્રગટ પ્રસિદ્ધ છે, નિઃશંકપણે આનંદ લે છે તેથી ધર્મીને પૂર્વના કર્મો ખરી જાય છે.

જુઓ આ ધર્મીની અંતરદૃષ્ટિ અને નિર્ભયતા !

સહજ સુવીર....શરીરમાં નિર્બળતા આવી ગઈ હોય તોપણ આત્મામાં તો ધર્મીને સ્વાભાવિક અંતરબળ વર્તે છે. અનંતવીર્યવાન આત્માને પકડ્યો છે તેથી તેના બળને કોઈ ડોલાવી શકે તેમ નથી. જ્ઞાનરૂપી મારું શરીર તો શાશ્વત છે એવો અનુભવ કરતાં ધર્માત્મા આત્મબળથી બળવાન છે. આવા ધર્માત્માને આચાર્યદેવ આર્ય કહે છે. આર્ય એટલે પવિત્ર કહે છે. ચૈતન્યના નૂરના તેજવાળા આત્માને બાહ્ય ઉદય કે રાગાદિ કોઈ હલાવી શકે નહિ. એ તો સાત ભયથી રહિત થઈને નિઃશંકપણે વર્તે છે. આ સાતભયના નામ હવે કહે છે.

इहभव–भय परलोक–भय, मरन, वेदना, जात ।
अनरच्छा अनगुप्त–भय, अकस्मात–भय सात ॥४८॥

અર્થ :–આલોક–ભય, પરલોક–ભય, મરણ–ભય, વેદના–ભય, અરક્ષા–ભય, અગુપ્તિ–ભય અને અકસ્માત–ભય આ સાત ભય છે. તેનો અર્થ આગળ આવશે.

(૧) અરે ! મારું શું થશે ! શરીરમાં રોગ છે, સ્ત્રી મરી ગઈ છે, પુત્રાદિ નથી, સંપતિ નથી, હવે મારું શું થશે એવો આલોકનો ભય ધર્મીને હોતો નથી.

(૨) મરીને ક્યાં જાશું એવો ભય ધર્મીને હોતો નથી. નરકમાં જવાના હોય તોપણ ધર્મીને પરભવનો ભય નથી. શ્રેણિકરાજાએ ભગવાનને પૂછ્યું હતું કે હું ક્યાં જઈશ ? તો ભગવાનની વાણીમાં આવ્યું કે તું નરકમાં જઈશ. છતાં અંતરથી નિર્ભય હતાં. બહારના જ્ઞેયની સ્થિતિ જે પ્રમાણે થવાની હશે તે થશે. તીર્થંકર થવાનું છે છતાં નરકમાં જવાનું છે એ ખબર છે છતાં અંતરમાં નિર્ભય છે. શાશ્વત ધ્રુવ આત્મા અનુભવમાં આવ્યો તેને ભય શા ! નરકમાં જશે તોપણ કર્મ ખપાવશે. યોગીન્દ્રદેવ યોગસારમાં કહે છે કે ધર્મી કદાચિત્ નરકાદિમાં જાય તોપણ દોષ નથી કેમ કે એ ત્યાં પણ પૂર્વ કર્મ ખપાવશે.

અજ્ઞાની સ્વર્ગમાં જાય તોપણ એ ભયવાળો અને દુઃખી છે અને ધર્મી નરકમાં જાય તો પણ સુખી છે. ખરેખર તો ધર્મી નરકમાં જાય છે એ પણ સમજાવવાની વાત છે. ધર્મી રાગમાં પણ આવતો નથી તો નરકગતિમાં કેમ આવે ! ધર્મીનો વાસ તો વસ્તુભાવમાં–જ્ઞાનાનંદમાં છે. ત્યાં શરીર, કર્મ અને રાગાદિમાં તેનો વાસ બતાવવો એ તો જ્ઞાન કરાવવાના કથન છે. વ્યવહારની કથનશૈલી નિશ્ચયથી તદ્દન જુદી છે.

ધર્મીને નરકાદિ ગતિનો સંયોગ છે એ તો તેના જ્ઞાનનું જ્ઞેય છે, તેમાં–ગતિમાં હું છું એમ ધર્મી માનતા નથી. આ માત્ર કહેવાની વાત નથી. વસ્તુસ્વરૂપનું ભાન

હોવાથી ધર્મીની દશા જ એવી થઈ જાય છે કે આલોકથી માંડી અકસ્માત આદિ કોઈ ભય તેમને રહેતાં નથી.

સાત ભયનું પૃથક્ પૃથક્ સ્વરૂપ

दसधा परिग्रह–वियोग–चिंता इह भव,
दुर्गति–गमन भय परलोक मानिये ।
प्राननिकौ हरन मरन–मै कहावै सोइ,
रोगादिक कष्ट यह वेदना बखानिये ॥
रच्छक हमारौ कोऊ नांही अनच्छा–भय,
चोर–भै विचार अनगुप्त मन आनिये ।
अनचिंत्यौ अबही अचानक कहाधौ होइ,
ऐसौ भय अकस्मात जगतमैं जानिये ॥४६॥

અર્થ :–(૧) ક્ષેત્ર આદિ દસ પ્રકારના પરિગ્રહનો વિયોગ થવાની ચિંતા કરવી તે આલોકનો ભય છે.

(૨) કુગતિમાં જન્મ થવાનો ડર લાગવો તે પરલોકભય છે.

(૩) દસ પ્રકારના પ્રાણોનો વિયોગ થઈ જવાનો ડર રહેવો તે મરણભય છે.

(૪) રોગ આદિ દુઃખ થવાનો ડર માનવો તે વેદનાભય છે.

(૫) કોઈ મારો રક્ષક નથી એવી ચિંતા કરવી તે અરક્ષાભય છે.

(૬) ચોર અને દુશ્મન આવે તો કેવી રીતે બચીશું એવી ચિંતા કરવી તે અગુપ્તિભય છે.

(૭) અચાનક જ કાંઈક વિપત્તિ આવી ન પડે એવી ચિંતા કરવી તે અકસ્માતભય છે.

સંસારમાં આ સાત ભય છે તેની આ વ્યાખ્યા છે.

૧. આલોકભય :–ક્ષેત્ર, મકાન, ધન, અનાજ, દાસ, દાસી, સોનુ, ચાંદી, વાસણ, ઘરવખરી આ દસ પ્રકારના પરિગ્રહમાંથી કોઈ પણ વસ્તુ ચાલી જશે તો ! એવો ભય અજ્ઞાનીને રહ્યાં જ કરે છે. તે આલોક સંબંધી ભય છે. જ્ઞાનીને આવો ભય હોતો નથી.

મોટર, ફ્રીઝ, રેડિયો આદિ બધી વસ્તુ આ પરિગ્રહમાં આવી જાય છે. ઘરમાં

સોનાનો ઢગલો પડ્યો હોય તો કેટલો ભય હોય કે કોઈ લઈ જશે તો! નાશ થઈ જશે તો! કોઈ જાણી જશે તો! કોઈ માગશે તો? એમ અનેક પ્રકારે અજ્ઞાનીને ભય સતાવ્યા કરે છે. ત્યારે જ્ઞાનીને તો નિર્જરા અધિકારમાં કહ્યું છે તેમ, કોઈ છેદાવ વા ભેદાવ વા લઈ જાવ કે નષ્ટ થઈ જાઓ પણ પરિગ્રહ મારો નથી એવો ભાવ વર્તતો હોવાથી ભય નથી. તેને તો એક ભગવાન આત્મા ઉપાદેય થયો છે તેની પાસે બધો પરિગ્રહ હેય છે. તેથી પરિગ્રહના વિયોગની જ્ઞાનીને ચિંતા નથી. જેમાં મારાપણું માન્યું છે તેમાંથી કાંઈ જતું નથી અને જે મારું નથી તેમાંથી જાય તે કાંઈ મારું નથી માટે તેના વિયોગનો મને ભય નથી. આવા નિર્ભય જ્ઞાનીઓને નિર્જરા થાય છે.

(૨) પરલોકભય :–અહીંથી મરીને ક્યાં જશું? પશુમાં જશું કે નરકમાં જશું કે ક્યાં જશું? ત્યાં અમારું શું થશે! એવો ભય અજ્ઞાનીને થાય છે. જ્ઞાનીને એવો ભય હોતો નથી.

(૩) મરણભય :–પાંચ ઈન્દ્રિય, ત્રણ બળ, આયુષ્ય અને શ્વાસોશ્વાસ આ દસપ્રાણના હરણથી મરણ થાય છે; તેમાં જ્ઞાનીનું કાંઈ જતું નથી. જડનું પરિણમન બદલાય છે તેનો જ્ઞાનીને ભય નથી.

એક દાખલો ઘણીવાર આપીએ છીએ કે એક છોકરાના બાપા પાસે કરોડો રૂપિયા હતાં છતાં ધંધો કર્યો પણ ધંધામાં રૂપિયા ખોયાં; હવે કરવું શું? બાપાને મોઢું કેમ બતાવવું! ભાઈબંધને મોકલ્યો કે બાપા પાસે જા અને કહે કે દસલાખ આપો, નહિ આપો તો સવારે દિકરાનું મોઢું જોવા નહિ મળે. બાપાએ એ વાત સાંભળીને બહુ ગુસ્સો કર્યો....બાપુજી! પૈસા આપો, પૈસા નહિ આપો તો દિકરો આપઘાત કરશે.... ભલે મરી જાય.....કષાયનો વેગ આવે ત્યાં કાંઈ માપ રહેતું નથી. ભાઈબંધ ઠરેલો હતો, કહે બાપુજી! એક વાત કરું! તમને હવે ઉંમર થઈ છે, બે–ચાર વર્ષે તમે કરોડો રૂપિયા દીકારને જ દઈને ઉપર ચાલ્યા જવાના છો ને! તો ૯૦ લાખ દેજો. દસ લાખ અત્યારે આપશો તે તેમાંથી જ ઓછા થશે ને! તમારું કાંઈ ઓછું નહિ થાય. તમારી સાથે પૈસા લઈને તો જવાનાં નથી....બાપાની દૃષ્ટિ ફરી, મગજમાં વાત બેઠી... પૈસા દીકરાને જ દેવાના છે તેમાંથી ઓછા થશે તેમાં મારું શું જાય છે! તરત જ દસ લાખ ગણી દીધા.

આમ દૃષ્ટિમાં શરીરમાં મારાપણું છે ત્યાં સુધી મરણ આદિ ભય રહે છે જ્યાં શરીરાદિમાંથી મારાપણું છૂટી જાય છે ત્યાં કાંઈ ભય રહેતો નથી.

જ્યાં શરીરનો એક રજકણ પણ મારો નથી તો સ્ત્રી, પુત્ર, પરિવાર, ધનાદિ

મારાં ક્યાં હતાં ! પ્રાણનું હરણ થાય એટલે કે શ્વાસ બંધ થઈ જાય, ઈન્દ્રિયો કામ ન કરે, આયુષ્ય પૂરું થઈ જાય તો ભલે થઈ જાય. કોઈ પ્રાણ મારા નથી માટે તેના હરણની મને ચિંતા નથી.

(૪) વેદનાભય :–શરીરમાં આકરા શૂળ ચડે, પેટમાં પાણી પણ ન ટકે એટલાં ઝાડા–ઉલટી થઈ જાય, છાતીના પાટિયા ભીંસાય–એવા એવા આકરાં રોગની વેદનાનો ધર્મીને ભય હોતો નથી.

(૫) અરક્ષાભય :–જગતમાં અમારું કોઈ રક્ષક નથી એવો ભય અજ્ઞાનીને રહે છે. જ્ઞાની તો જાણે છે કે જગતમાં ભલે કોઈ રક્ષક નથી પણ અમે જ અમારાં રક્ષક છીએ. અમારે કોઈ પરની રક્ષાની જરૂર નથી.

(૬) અગુપ્તિભય :–ધન, ધાન્ય આદિ ચોર લઈ જશે તો! એવો અગુપ્તિભય પણ અજ્ઞાનીને હોય છે, જ્ઞાનીને એવો ભય હોતો નથી.

(૭) અકસ્માતભય :–અચાનક કોઈ વિપત્તિ આવી પડશે તો? સર્પ કરડી જશે કે સિંહ આવીને ફાડી ખાશે તો ! એક્સીડન્ટ થઈ જશે તો ! એવો ભય અજ્ઞાનીને રહે છે. ધર્મીને આવા ભય હોતા નથી.

હવે આ સાતેય ભયના એક એકના અલગ અલગ કળશ અમૃતચંદ્રાચાર્યદેવે કહ્યાં છે તેના ઉપર બનારસીદાસજી એક એક પદ્યમાં ભય મટાડવાના ઉપાયરૂપ ભાવનું વર્ણન કરે છે તે આગળ કહેવાશે. *(ક્રમશઃ)*

*

જેને શુભની રુચિ છે તેને વિષયની જ રુચિ છે, કારણ કે શુભની રુચિવાળાને તેના ફળમાં પુણ્યની સામગ્રી આવશે ત્યારે તેમાં જ તે રત બનશે, એટલે ખરેખર તો શુભરાગનો પ્રેમી તે વિષયનો જ પ્રેમી છે, પછી ભલેને વર્તમાનમાં રાજ–પાટ આદિ છોડીને દ્રવ્યલિંગ ધારણ કર્યું હોય. ધર્માત્માને તો પુણ્ય ને તેની સામગ્રી કાળાનાગ જેવી લાગે છે, તેથી તેનાથી છૂટવા તે અંતર્મુખનો જ પ્રયત્ન કરે છે. અસ્થિરતાને લઈને ધર્માત્માને શુભ વિકલ્પ આવે પણ તેને તેની રુચિ હોતી નથી. રાગનું રુચિપૂર્વક સેવન તે આત્મસ્વરૂપથી વિરુદ્ધ આચરણ હોવાથી વ્યભિચાર છે. અજ્ઞાનીને રાગનું રુચિપૂર્વક સેવન હોય છે; ધર્માત્માને તો સ્વભાવની જ રુચિ હોય છે.

*–પૂજ્ય ગુરુદેવશ્રી*

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—** *'દ્રવ્ય તેને કહેવાય કે જેના કાર્યને માટે બીજાં સાધનોની રાહ જોવી ન પડે' આ બોલ વિશેષ સમજાવવા કૃપા કરશોજી.*

**સમાધાન :—** દ્રવ્યને બીજાં સાધનોની રાહ જોવી પડે નહિ. બીજાની રાહ જોવી પડે તો તે દ્રવ્ય શેનું ? જો તેના કાર્ય માટે બીજાં સાધનોની રાહ જોવી પડે તો તે દ્રવ્ય પોતે નબળું પડી ગયું. પણ દ્રવ્ય પોતે અનંતશક્તિવાળું છે. તેને સાધનોની રાહ જોવી ન પડે કે સાધનો નથી તો હવે કેમ આગળ જવાય ?–એવું તેને નથી કારણ સ્વયં પરિણતિ કરનારું દ્રવ્ય છે, તેથી સ્વયં જ તેના કાર્યની પરિણતિ થાય છે.

કુદરતી દ્રવ્ય સ્વતઃસિદ્ધ છે. બીજાં સાધન હોય તો દ્રવ્ય ઊભું રહે એમ ન હોય, તે અનાદિથી પોતે પોતાથી જ શાશ્વત ટકેલું છે. તેની પરિણતિના દરેક કાર્યમાં પોતે સ્વતંત્ર છે. દ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન થાય, જ્ઞાનની પરિણતિ થાય અને લીનતા વધે એ બધું પરિણમન પોતે સ્વયં કરનારો છે. પોતાના પરિણમનની ગતિ–પુરુષાર્થની ગતિ તે પોતે જ કરે છે. તેની પરિણતિ થાય તેમાં સાધનો આવ્યાં નહિ અને સાધનોની રાહ જોવી પડે તો દ્રવ્ય જ કહેવાય નહિ. આવું પરાધીન દ્રવ્ય હોઈ શકે જ નહિ. કુદરતની અંદર એવું દ્રવ્ય હોય જ નહિ. સાધન સ્વયં આવી ઊભાં રહે, પોતાને રાહ જોવી પડતી નથી. પોતે સ્વયં પોતાની પરિણતિનો કરનારો છે.

જ્ઞાનનું આખું ચક્ર પોતાથી જ ચાલી રહ્યું છે. તે કર્મને લઈને થતું નથી, અથવા સાધનો મળ્યાં નથી એટલે થતું નથી એમ નથી, પણ પોતાની કચાશને કારણે પોતે અટક્યો છે. પોતે પુરુષાર્થ કરે તો પોતે આગળ જાય છે. માટે તેના કાર્ય માટે સાધનોની જરૂર પડતી નથી. સાધન માટે રોકાવું પડે તો તે દ્રવ્ય જ નથી. એવું પરાધીન દ્રવ્ય હોઈ શકે જ નહિ. ૧૦.

[તા. ૧૦-૧-૨૦૦૧]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં, અધ્યાત્મ-જ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : શ્રી નિયમસાર ઉપર (૧૯૬૬ના) પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : શ્રી પ્રવચનસાર ઉપર શાસ્ત્રવાંચન |
| બપોરે પ્રવચન પહેલાં | : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | : 'શ્રી પરમાત્મ-પ્રકાશ' ઉપર (૧૯૬૫ના) પૂ. ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |

**ઋષભનિર્વાણપર્વ :**—પૌષ વદ ૧૪, મંગળવાર, તા. ૨૨-૧-૨૦૦૧ના શુભ દિવસે પરમ પૂજ્ય ભગવાન શ્રી આદિનાથના વિશાળ વીતરાગ ભાવવાહી મનોજ્ઞ જિનપ્રતિમાની સામે, નંદીશ્વર જિનાલયમાં, 'શ્રી ઋષભનિર્વાણ'નો વાર્ષિક પર્વ વિશેષ પૂજાભક્તિ પૂર્વક મનાવવામાં આવશે.

**સમ્યક્ત્વજયંતી :**—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૬૯મી સમ્યક્ત્વજયંતી તા. ૧૫-૩-૨૦૦૧ ગુરુવારથી તા. ૧૯-૩-૨૦૦૧ સોમવાર (ચૈત્ર વદ ૧૦)--પાંચ દિવસ સુધી સોનગઢમાં વકીલ શ્રી વીરજીભાઈ તારાચંદ વારીઆ (હસ્તે સુરેન્દ્રનગરનિવાસી શ્રી મહેન્દ્રભાઈ સુંદરજીભાઈ વારીઆ-પરિવાર)ની તરફથી ઉજવવામાં આવશે. નિમંત્રણપત્રિકાની લેખન-વિધિ સોનગઢમાં તા. ૨૫-૨-૨૦૦૧, રવિવારના દિવસે કરવામાં આવશે.

# શિલાન્યાસ-મહોત્સવ-દ્વય સાનન્દ સમ્પન્ન

## (૧) મંગલાયતન-શિલાન્યાસ

(૧) 'મંગલાયતન' (અલીગઢ) અન્તર્ગત ચાર જિનાયતનોંકા શિલાન્યાસ મહોત્સવ 'શ્રી આદિનાથ કુન્દકુન્દ-કહાન દિગંબર જૈન ટ્રસ્ટ, અલીગઢ (ઉત્તરપ્રદેશ) દ્વારા, અલીગઢસે ૧૪ કિ.મી. દૂરી પર 'સાસની' (છહ ઢાલાકે રચયિતા પંડિત શ્રી દોલતરામજીકે) ગાઁવકે ભૂભાગમેં, નિર્માણાધીન વિશાલ એવં ભવ્ય 'મંગલાયતન'મેં, કરીબ આઠ હજાર દિગંબર જૈનોંકી આનન્દોલ્લાસભરી ઉપસ્થિતિમેં, શિલાન્યાસકી મંગલ વિધિપૂર્વક, તા. ૨૭-૧૨-૨૦૦૦, વિ. સં. ૨૦૫૭, પૌષ શુક્લા ૨, બુધવારકે શુભ દિન સાનન્દ સમ્પન્ન હુઆ! ચાર હાથી, અનેક રથ, અનેક બેંડ પાર્ટી, વિશાલ જનસમુદાય એવં અનેકવિધ સુશોભનસે અતિ રમ્ય શ્રી આદિનાથ એવં શ્રી સંભવનાથ જિનેન્દ્ર ભગવાનકી ભવ્ય રથયાત્રા, અતિ વિશાલ ભવ્ય મંડપ એવં જનસમુદાયકે હર્ષોલ્લાસસે યહ ભવ્ય અવસર પંચકલ્યાણક-મહોત્સવ-સા આનન્દકારી પ્રતીત હોતા થા.

શિલાન્યાસ વિધિકા સૌભાગ્ય (૧) આદિનાથ-જિનમંદિરકા બુલન્દશહરનિવાસી પં. કૈલાશચંદજી-પરિવાર, (૨) મહાવીર-જિનમંદિરકા નૈરોબીનિવાસી શ્રી પ્રફુલચંદ્ર રાજા-પરિવાર, (૩) બાહુબલી-મંદિરકા મુમ્બઈનિવાસી શ્રી શારદાબેન શાંતિલાલ રતિલાલ શાહ-પરિવાર, એવં (૪) માનસ્તંભકા સોનગઢ ટ્રસ્ટકે અધ્યક્ષ શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા-પરિવારકો સમ્પ્રાપ્ત હુઆ થા.

પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી એવં તદ્ભક્તશિરોમણિ પૂજ્ય બહિનશ્રી ચંપાબેનકે ધર્મોપકારપ્રતાપસે નિર્મિત હોનેવાલા યહ મંગલરૂપ જિનાયતન સંકુલ 'મંગલાયતન', પ્રાણીમાત્રકે મંગલકા નિમિત્ત બનેગા. 'મંગલાયતન' સત્યકે એવં અધ્યાત્મકે સાધકોંકી સાધનાભૂમિ બનેગા. વહ કિસી વ્યક્તિવિશેષકા નહીં હોગા; વહ તો જન-જનકા હોગા. 'મંગલાયતન', આધ્યાત્મવિદ્યાકે પ્રસાર દ્વારા વિશ્વકો વીતરાગતાકા સંદેશ દેગા. 'મંગલાયતન' રાગાદિ એવં સ્વાર્થવૃત્તિકી અનુત્પત્તિરૂપ અહિંસા તથા શુદ્ધ આત્માનુભૂતિકે સંદેશકો વિશ્વકે કૌને-કૌને તક પહુઁચાયેગા. 'મંગલાયતન', સત્ય એવં અધ્યાત્મતત્ત્વકો પ્રકટ કરનેમેં ઝિઝકેગા નહીં. 'મંગલાયતન' સત્ય આગમવાણી એવં પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહિનશ્રીકે અનુભવવાણીકો જન-જન તક પહુઁચાયેગા.

'મંગલાયતન'કે દૂસરે ચરણમેં, વિદેહક્ષેત્રસ્થ ભગવાન શ્રી સીમંધરસ્વામીકા ભવ્ય સમવસરણ બનેગા. સમવસરણમેં શ્રી સીમંધર ભગવાનકી ચતુર્મુખ વીતરાગ જિનપ્રતિમા બિરાજમાન હોગી. સમવસરણસ્થ મુનિસભામેં વન્દનમુદ્રાયુક્ત શ્રી કુન્દકુન્દાચાર્યદેવકી વીતરાગભાવવાહી ખડ્ગાસન શ્રમણપ્રતિમા બિરાજમાન કી જાયેગી. ગુરુદેવ શ્રી કાનજીસ્વામી અપને પૂર્વભવમેં એક સુંદર રાજકુમારકે રૂપમેં ભગવાન શ્રી સીમંધરનાથ એવં શ્રીમત્કુન્દકુન્દાચાર્યકે મધુર મિલનકો સાનન્દ દેખતે હોંગે. ઈસ અદ્ભુત દૃશ્યકી એક ઝલકમાત્ર પ્રત્યેક મુમુક્ષુકે જીવનમેં યાદગાર બન જાયેગી.

અગલે દો વર્ષોંકે ભીતર યહ વિશાલ આયોજન સાકાર હોને પર પંચકલ્યાણકપ્રતિષ્ઠાકા અતિ ભવ્ય સમારોહ હોગા. યહ સારા પ્રતાપ હૈ પૂજ્ય ગુરુદેવશ્રી એવં પૂજ્ય બહિનશ્રીકે અધ્યાત્મધર્મોપકારકા.

## (૨) શિવપુરી-શિલાન્યાસ

પૂજ્ય ગુરુદેવશ્રી એવં પૂજ્ય બહિનશ્રીકે ધર્મોપકારપ્રભાવસે પ્રભાવિત, મધ્ય પ્રદેશસ્થ શિવપુરી નગરીકે 'શ્રી કુન્દકુન્દ-કહાન દિગંબર જૈન મન્દિર ટ્રસ્ટ, શિવપુરી' દ્વારા નિર્માણાધીન શુદ્ધામ્નાયી 'શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમન્દિર'કે શિલાન્યાસકી મંગલ વિધિ પૌષ શુક્લા ૫, દિ. ૩૦-૧૨-૨૦૦૦કે શુભ દિન બુલન્દશહરનિવાસી, અલીગઢવાસી પંડિત શ્રી કૈલાશચંદ્રજી એવં પરિવારકે શુભ હસ્તસે સાનન્દ સમ્પન્ન હુઈ થી. સ્થાનીય મુમુક્ષુમંડલકો અતિ આનન્દોલ્લાસ થા. સોનગઢ ટ્રસ્ટકે ટ્રસ્ટી એવં મંત્રી શ્રી ચીમનભાઈ મોદીકે નેતૃત્વમેં સોનગઢ, રાજકોટ, બૃહન્મુમ્બઈ, અહમદાબાદ, ભાવનગર, ખણ્ડવા આદિ અનેક ગાઁવોંસે યાત્રાનિમિત્ત પધારે હુએ ૪૦૦ સે અધિક મુમુક્ષુ ભાઈ-બહિનોંને 'મંગલાયતન' એવં શિવપુરી—દોનોં શિલાન્યાસમેં ઉત્સાહપૂર્વક ભાગ લિયા થા. શિવપુરીકા મણ્ડલ છોટા હૈ, ફિર ભી આનન્દોત્સાહ મેરુ-સા થા!

*

લક્ષ્મી મળવી તે પુણ્યનું ફળ છે, તેમાં આત્માને શું? પૈસાની સમૃદ્ધિથી પોતાને મોટો માનનાર ભિખારી છે, રાંકો છે. એકવાર એક રાજા વ્યાખ્યાન સાંભળવા આવ્યા હતા ત્યારે કહ્યું હતું : રાજન્! ઝાઝું માગે તે મોટો માગણ, થોડું માગે તે નાનો માગણ. વેપારી લાખની તૃષ્ણા કરે તે નાનો માગણ અને રાજા કરોડો ને અબજોની તૃષ્ણા કરે માટે તે મોટો માગણ; સરવાળે બધા માગણ, ભિખારા ને રાંકા જ છે. પોતાની ચૈતન્યલક્ષ્મીની જેને ખબર નથી અને જડની લક્ષ્મીની—પૈસા દો, આબરૂ દો, બાયડી દો એમ—ભીખ માગે છે તેને શાસ્ત્રમાં 'वराकाः' કહ્યા છે. ભાઈ! આ બહારની લક્ષ્મી તો ધૂળ છે, અંદર ભગવાન આત્મામાં જ્ઞાનાનંદમય ચૈતન્યલક્ષ્મી પડી છે તેની તને કિંમત નથી. તારી ચૈતન્યમય સંપદાની શી વાત! અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત-આનંદ, અનંતવીર્ય—એવી અનંત અનંત ગુણ-લક્ષ્મી તારા ચૈતન્ય-ખજાનામાં ભરી પડી છે. ભગવાન જ્ઞાયક આત્મા છે તો શરીરપ્રમાણ આટલા ક્ષેત્રમાં, પણ તેના ગુણોની સંખ્યામાં એટલી અનંતતા છે કે અનંતનો અનંત વડે અનંત અનંત અનંત વાર ગુણાકાર કરો તોપણ કદી તે ગુણોની અનંતતાને પહોંચાતું નથી. અહા પ્રભુ! આત્મા શી ચીજ છે! આત્મામાં જ્ઞાન આનંદ આદિની અનંતી અનંતી લક્ષ્મી પડી છે તેની તને ખબર નથી.

---પૂજ્ય ગુરુદેવશ્રી

*

## વૈરાગ્ય સમાચાર :—

દાદરનિવાસી દાદર મુમુક્ષુમંડળના ભૂતપૂર્વ ટ્રસ્ટી, વાંચનકાર શ્રી પ્રાણલાલભાઈ પુરુષોત્તમદાસ કામદાર (વર્ષ-૭૬) તા. ૨૩-૧૨-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઊંડા તત્ત્વરસિક, આત્મખોજી, સજ્જન વ્યક્તિ હતા. તેમણે દાદરમાં ઉજવાયેલ પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મજયંતી પ્રસંગે 'બહેનશ્રીનાં વચનામૃત' પ્રકાશિત કરવાની ભાવના વ્યક્ત કરેલ. દાદર-મંદિરનાં ટ્રસ્ટી તથા પ્રવચનકાર તરીકે દાદર-મંદિરનાં નિર્માણ તથા પ્રતિષ્ઠામાં તન-મન-ધનથી સારો લાભ લીધેલ હતો. તેમણે સોનગઢમાં સ્થાયી નિવાસ કરીને સોનગઢ ટ્રસ્ટની કાર્યવાહક કમિટિના સભ્ય તરીકે ઓફિસમાં તેમ જ ભોજનાલયમાં સેવા આપેલ હતી. સંસ્થાના પ્રભાવનાના અનેક કાર્યો કર્યા હતા. છેલ્લે છેલ્લે ''ગુરુગુણ-સંભારણાં'' તથા ''સ્વાનુભૂતિદર્શન''નું સંકલન તેમજ પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાની ઓડિયો સી.ડી. દરેક મુમુક્ષુ મંડળને ભેટ આપવારૂપ કેટલાય ચિરકાળ યાદગાર પ્રસંશનીય કાર્યો સફળપણે કર્યાં હતા. તેઓની દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેની ભક્તિ-પ્રભાવના-વાત્સલ્ય તેમજ તત્ત્વરુચિ મુમુક્ષુ સમાજમાં સુવિદિત હતા.

નાગનેશનિવાસી (હાલ-કાંદીવલી-મુંબઈ) શ્રી જયંતીલાલભાઈ ગુલાબચંદભાઈ જોબાલીયા (વર્ષ-૮૩) તા. ૧-૧૧-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વિંછીયાનિવાસી (હાલ-ઘોટકોપર) શ્રી સુરેશચંદ્ર અંબાલાલ ડગલી (વર્ષ-૫૬) તા. ૬-૧૨-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

માટુંગાનિવાસી શ્રી ભાઈલાલ કેશવલાલ દોશી તા. ૧૯-૧૨-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

અમદાવાદનિવાસી કાંતાબેન જગજીવનદાસ શાહ (વર્ષ-૭૨) તા. ૨૨-૧૨-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

નાઈરોબીનિવાસી શ્રીમતી શાંતાબેન લક્ષ્મીચંદ કેશવજી શાહ (વર્ષ-૮૧) તા. ૧૬-૧૨-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

લાઠીનિવાસી (હાલ-ઘાટકોપર) દમયંતીબેન દોલતરાય લાલચંદ ભાયાણી તા. ૫-૧૨-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

કાનાતળાવનિવાસી પટેલ લખમણભાઈ કુરજીભાઈ (વર્ષ-૮૭) તા. ૨૭-૧૨-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

*

ખુશ ખબર ! આનન્દ-સમાચાર !

જિનેન્દ્રભક્તિનો અનન્ય અવસર !

મુંબઈનગરીના બોરીવલી ઉપનગરમાં

માતુશ્રી કસ્તૂરીબેન પોપટલાલ શાહ–ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી નવનિર્મિત

શ્રી સીમંધરસ્વામી દિ૦ જિનમંદિરના ઉપલક્ષમાં

## શ્રી દિગંબર જિનબિમ્બ-પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવ

(તા. ૫-૨-૨૦૦૧ થી તા. ૧૨-૨-૨૦૦૧)

આનન્દોલ્લાસ સહ જણાવવાનું કે જ્ઞાનવૈભવવિભૂષિત પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના તેમજ સ્વાનુભવવિભૂષિત ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના પુનીત પ્રભાવનાયોગમાં મુંબઈનગરીના બોરીવલી ઉપનગરમાં માતુશ્રી કસ્તૂરીબેન પોપટલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ (હસ્તે શ્રી નવીનચંદ્ર પોપટલાલ શાહ) દ્વારા નવનિર્મિત ભવ્ય 'શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર'ની પંચકલ્યાણક-પૂર્વક પાવન પ્રતિષ્ઠા આગામી માઘ વદી પાંચમ, તા. ૧૨-૨-૨૦૦૧ સોમવારના રોજ આનન્દોત્સવ સહ સંપન્ન કરવાનું શ્રી મહાવીર-કુંદકુંદ-કહાન-શુદ્ધ-અધ્યાત્મામ્નાયાનુયાયી શ્રી બોરીવલી દિગંબર જૈન મુમુક્ષુમંડળે નિશ્ચિત કર્યું છે.

બહારમાં શ્રી જિનેન્દ્રદેવની તેમજ અંતરમાં નિજ શુદ્ધ જ્ઞાયકદેવની અનુપમ મહિમા જગવિદિત કરનારા આપણા તારણહાર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના તથા પોતાની સમ્યક્ જાતિસ્મરણઋદ્ધિથી શ્રી સીમંધરનાથના ભારતવર્ષમાં પદાર્પણ કરાવનારા પ્રશમપરિણત પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના વિશુદ્ધ ધર્મપ્રતાપથી સુસંપન્ન થનાર આ મંગલ મહોત્સવમાં પધારવાનું અમારા મુમુક્ષુમંડળ તરફથી સર્વે મુમુક્ષુ સમાજને સાદર નિમંત્રણ છે.

(પ્રતિષ્ઠામહોત્સવની મહત્ત્વપૂર્ણ—ઇન્દ્રો, અહમિન્દ્રો તેમજ કુબેર ઇત્યાદિની—બોલી પ્રતિષ્ઠોત્સવના પહેલાં દિવસે (માઘ સુદ ૧૨, સોમવાર, તા. ૫-૨-૨૦૦૧ના રોજ) તથા પ્રતિષ્ઠામંડપમાં શ્રી જિનબિંબ બિરાજમાન કરવાની, ધર્મધ્વજારોહણ તેમજ પંચપમેષ્ઠીમંડલ-વિધાનપૂજાના ઇન્દ્રોની બોલી તા. ૪-૨-૨૦૦૧, રવિવારના રોજ બોલવામાં આવશે.)

નિમંત્રક–

શ્રી બોરીવલી દિગંબર જૈન મુમુક્ષુમંડળ,

અધ્યક્ષ–નવીનચંદ્ર પોપટલાલ શાહ

# ✽ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર ✽

✽ હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, વિભાવથી જુદો હું તો જ્ઞાયક પ્રભુ છું, અનંત વિભૂતિથી ભરપૂર હું જ્ઞાયક ભગવાન આત્મા છું—એમ અંતરમાં સાચું આત્મભાન કરે તો તે અંતર્મુખતાના બળથી નિર્વિકલ્પતા થાય, વિકલ્પો છૂટે અને અતીન્દ્રિય જ્ઞાનાનંદસ્વરૂપ સ્વાત્માનુભૂતિ પ્રાપ્ત થાય. ધર્મી જીવને સ્વાનુભૂતિ પ્રાપ્ત થયા પછી પણ રાગ તો આવે છે, પણ તે તેનો કેવળ જ્ઞાતા છે, સ્વામી નથી, તેને પોતાનું કર્તવ્ય માનતો નથી. વાત જરા સૂક્ષ્મ છે. અનંતવાર જીવ જૈનનો શ્રાવક ને દ્રવ્યલિંગી સાધુ થયો, પણ રાગ રહિત, પૂર્ણાનંદથી ભરપૂર પોતાનું જે ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ છે તેના પર કદી દૃષ્ટિ કરી નથી, તેનો અંતર્મુખ થઈને અનુભવ કર્યો નથી. ૧૯૯.

✽ બંધ-મોક્ષ ને તેના માર્ગની પર્યાય છે તે નાશવાન છે તેથી ત્રિકાળીને નિશ્ચય આત્મા કહ્યો છે. કેવળજ્ઞાન પણ પર્યાય છે તેને દ્રવ્ય કરતું નથી કે તે પર્યાય દ્રવ્યમાં નથી. અહીં પણ બેનનાં (બહેનશ્રીનાં વચનામૃતનાં) બોલમાં છે કે મુનિપણું, કેવળજ્ઞાન કે સિદ્ધપદ એ તો પર્યાય છે, એ તો ક્ષણિક છે ને ધ્રુવજ્ઞાયક છે તે ત્રિકાળી છે; એવું જે એકરૂપ સદૃશ ધ્રુવ છે કે જેમાં દ્રવ્યલિંગ, ભાવલિંગ, કેવળજ્ઞાન કે સિદ્ધપણું નથી તેને નિશ્ચય આત્મા કહે છે. ૨૦૦.

✽ સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને પ્રથમથી જ શુદ્ધતા છે, તેમનામાં ભેદ કઈ નયથી જાણું?—એમ કહીને નિયમસારમાં વ્યવહારનયની તુચ્છતા બતાવી છે, વ્યવહારનયની કાંઈ ગણતરી જ કરી નથી. અરે પ્રભુ! તારામાં ને સિદ્ધમાં કઈ નયથી ફેર ગણું?—વ્યવહારનયથી...પણ વ્યવહાર કાંઈ ગણતરીમાં નથી. આ સંસારી ને આ સિદ્ધ એ કઈ રીતે ભેદ પાડું? કઈ નયથી ફેર પાડું? વ્યવહારનયની તો ગણતરી જ નથી. ૨૦૧.

✽ ન્યાલભાઈમાં છે (દ્રવ્યદૃષ્ટિ પ્રકાશમાં છે) કે કોઈએ પૂછ્યું કે ન્યાયથી વાત બેસે છે પણ ધ્રુવસ્વભાવ તરફ લક્ષ જતું નથી!......જે પર્યાયમાં તને ન્યાયથી બેસે છે તે પર્યાય ક્યાં છે? કોના આધારે છે? એ પર્યાય જેના આધારે છે એ ધ્રુવ છે, એના આધારમાં જા! એને આ કરવાનું છે, બાકી તો બધી વાતો છે. ૨૦૨.

✽

# 卐 અજબ તમાસો 卐

કાળે વર્ષા પડે, કાળે વૃક્ષો ખીલે, કાળે ચંદ્ર ખીલે, કાળે ઢોર ઘરે આવે, સ્વાતિનક્ષત્રમાં છીપમાં પાણી પડતાં મોતી પાકે, તેમ ઉત્તમ દેવ-ગુરુના મહાન યોગ કાળે તું આવ્યો ને પૂજ્ય પદાર્થ અનુભવમાં ન આવે એ અજબ તમાસો છે !

—*કરુણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ—૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

SONGADH

UNDELIVERED FOR REASON STATED BELOW